તા. ૨૨.૦૪.૨૦૨૫
દિવ્ય ભાસ્કર અમદાવાદ ફ્રન્ટ પેજ.

# IPLની 3 મેચમાં મેટ્રોને 62 હજાર પેસેન્જર વધુ મળ્યા

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

મેટ્રો ટ્રેન દરરોજ સરેરાશ 1.18 લાખ જેટલા લોકો અવર-જવર કરતાં હોય છે. પરંતુ, આઈપીએલ ક્રિકેટ મેચને દિવસે મેટ્રો ટ્રેનમાં મુસાફરોની સંખ્યામાં વધારો થતો હોય છે. સામાન્ય દિવસોમાં એટલે કે, ગત 17થી 23 માર્ચ દરમિયાન મેટ્રો ટ્રેનમાં સરેરાશ 1,18,182 જેટલા મુસાફરો મુસાફરી કરતાં હોય છે. આ વર્ષે 25 અને 29 માર્ચ તેમજ 9 એપ્રિલે મોદી સ્ટેડિયમમાં રમાયેલી આઈપીએલ ક્રિકેટ મેચને દિવસે મેટ્રોમાં સામાન્ય દિવસો કરતાં 38થી 62 હજાર જેટલા વધુ મુસાફરોએ મુસાફરી કરી હતી. જેમાં 29 માર્ચના રોજ સૌથી વધુ 1,80,196 પેસેન્જરે મુસાફરી કરી હોવાનો મેટ્રોનો દાવો છે.

સામાન્ય દિવસોમાં મેટ્રો ટ્રેનને રૂ. 13.65 લાખની આસપાસ આવક થતી હોય છે. તેની સામે 25 માર્ચના રોજ રૂ. 21.19 લાખ, 29 માર્ચે રૂ. 26.57 લાખ અને 9 એપ્રિલના રોજ 23.56 લાખની આવક થઈ હતી. 29 માર્ચે સામાન્ય દિવસોમાં થતી આવક કરતાં બે ગણી આવક થઈ હતી.